સુવિચાર : લેખક થવા હોવો જોઈએ વિચારોનો માળો, સાથે જોઈએ કાગળ, કલમ શબ્દોનો તાળો - સુરેશ દલાલ

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૯ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૫, ગુરૂવાર ; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સવાર સવારમાં જ મોદીની સાથે ઓબામાની વાતચીત
- જર્મનીના ચાન્સલર માર્કેલ ટાઈમ પર્સન ઓફ ધ યર
- મોદીના સ્માર્ટ સિટી પ્લાન આડે અડચણ : રાજ્યો ભારે ઉદાસીન
- જીએસટીના કારણે એક્સચેંજ ઓફરમાં શોપિંગ ખર્ચાળ હશે
- રાહુલના આક્ષેપો બિલકુલ આધારવિનાના જ : સરકાર
- આઈફોન-૬ સી માર્ચ ૨૦૧૬માં લોન્ચ થશે
- જીયા આત્મહત્યા કેસમાં CBI દ્વારા ચાર્જશીટ દાખલ
- દાઉદની હોટલ દિલ્હી જાયકા ઉપર ૪.૨૮ કરોડની બોલી
- સિદ્ધિવિનાયક ગોલ્ડ સ્કિમમાં ૪૦ કિલો સોનું આપવા તૈયાર

# આખરે ભારત-પાક મંત્રણા માટે સહમત

**વડાપ્રધાન નવાજ શરીફ, સરતાજ અજીજ સાથે સુષ્માની ચર્ચા : સર્વગ્રાહી દ્વિપક્ષીય મંત્રણાની રૂપરેખા પર ચર્ચા કરવા બન્ને દેશોના વિદેશ સચિવ મળશે : વાતચીત જારી રહેશે**



ઈસ્લામાબાદ,તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે લાંબાગાળા બાદ ફરી એકવાર મંત્રણા પ્રક્રિયા શરૂ થઈ છે. બન્ને દેશો વાતચીતના સિલસિલાને આગળ વધારવા માટે પણ સહમત થયા છે. ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આજે સરતાજ અજીજ સાથે વિસ્તૃત બેઠક યોજી હતી. તે પહેલાં તેઓએ પાકિસ્તાની વડાપ્રધાન નવાજ શરીફ સાથે વાતચીત કરી હતી. બન્ને દેશો વચ્ચે અટવાઈ પડેલી મંત્રણા પ્રક્રિયાની હાલમાં જ બેંગકોકમાં વાતચીતથી શરૂઆત થઈ હતી. હવે આ મંત્રણા પ્રક્રિયા આગળ પણ જારી રહે તેવી શક્યતા છે. બન્ને દેશો વાતચીતને આગળ લઈ જવા માટે આજે સહમત થયા હતા. સરતાજ અજીજ સાથે વાતચીત બાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. પાકિસ્તાની મીડિયાએ કહ્યું છે કે, પાકિસ્તાની નેતાઓ પણ ભારતમાં આવશે અને રચનાત્મક પ્રક્રિયા આગળ વધશે. રચનાત્મક પ્રક્રિયાની ફરીથી શરૂઆત થઈ છે. હવે બન્ને દેશોના વિદેશ સચિવો મળશે અને સર્વગ્રાહી દ્વિપક્ષીય મંત્રણા યોજવા

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદી આગામી વર્ષે પાકિસ્તાન જવા તૈયાર છે

**વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની જાહેરાત : મોદીની સાથે સુષ્મા સ્વરાજ પોતે રહેશે : આજે સંસદમાં પાકિસ્તાન યાત્રા અંગે સુષ્મા નિવેદન કરે તેવી સંભાવના**

નવી દિલ્હી,તા. ૯

વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આજે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી વર્ષે પાકિસ્તાનની મુલાકાત લેશે. મોદી સાર્ક શિખર બેઠકમાં હાજરી આપશે. મીડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે આ યાત્રા



દરમિયાન તેઓ પોતે પણ તેમની સાથે રહેશે. સુષ્મા સ્વરાજે ઉમેર્યું હતું કે, અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ સર્જવા તૈયાર છીએ. વર્ષ ૨૦૧૨માં તત્કાલિન વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાએ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. ત્યારબાદથી સુષ્મા સ્વરાજ પાકિસ્તાનની મુલાકાત લેનાર પ્રથમ પ્રધાન બન્યા છે. જુલાઈ મહિનામાં રશિયામાં ઉફા ખાતે શિખર બેઠક યોજાઈ હતી. જેમાં નવાજ શરીફે મોદીને શાર્ક બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. જેને સ્વિકારી લેવાયું હતું. ઓગસ્ટ મહિનામાં વાતચીત રદ થઈ ગઈ હતી. બેંગકોકમાં હાલમાં જ છઠ્ઠી ડિસેમ્બરના દિવસે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને પાકિસ્તાનના નાસીર ખાને વાત કરી હતી.

જેમાં વિદેશ સચિવ એસ જયશંકર અને એઝાજ અહમદ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આવતીકાલે સુષ્મા સ્વરાજ સંસદમાં પાકિસ્તાનની યાત્રા અંગે મહત્વપૂર્ણ નિવેદન કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. દરમિયાન એવા અહેવાલ પણ મળ્યા છે કે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના લીડર ઈમરાન ખાન ૧૧મી ડિસેમ્બરે ભારત આવશે.

# નેશનલ હેરાલ્ડ કેસમાં દ્વેષભાવના છે : રાહુલ

**રાહુલ ગાંધીના આક્ષેપથી રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ : ન્યાયતંત્રને ભયભીત કરવા માટે સંસદનો ઉપયોગ કરવા સંબંધિત આક્ષેપોને રાહુલ ગાંધીએ આપેલો રદિયો : ન્યાયતંત્ર પર સંપૂર્ણ વિશ્વાસ : રાહુલ ગાંધી**

નવી દિલ્હી,તા. ૯

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે, નેશનલ હેરાલ્ડ મામલામાં વડાપ્રધાનની કચેરી તરફથી દ્વેષભાવની ભાવનાથી કામગીરી કરવામાં આવી રહી છે. ૧૦૦ ટકા રાજકીય પ્રતિશોધ લેવાની ગતિવિધિ ચાલી રહી છે. રાહુલ ગાંધીએ એમપણ કહ્યું હતું કે, તેમનો ન્યાયતંત્રમાં સંપૂર્ણપણે વિશ્વાસ છે. કોંગ્રેસ દ્વારા ન્યાયપાલિકાને ભયભીત કરવા માટે સંસદનો ઉપયોગ કરવા સંબંધિત આક્ષેપોનો પણ ફગાવી દીધા હતા. સંસદ ભવન સંકુલમાં રાહુલ ગાંધીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ૧૦૦ ટકા રાજકીય પ્રતિશોધ લેવાની ગતિવિધિ ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, રાજનીતિ કરવાની નીતિ રમાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ન્યાય તંત્રમાં તેમને સંપૂર્ણપણે વિશ્વાસ છે. તમામ વાસ્તવિક બાબતો સપાટી પર આવી જશે. ન્યાયતંત્રને ભયભીત કરવા માટે કોંગ્રેસ દ્વારા સંસદનો ઉપયોગ કરવાના સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુના આક્ષેપને રાહુલ ગાંધીએ રદીયો આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે હવે ઈલેક્ટ્રીક બસ દોડશે

**પાયલોટ પ્રોજેક્ટમાં પ્રથમ ૬ બસ મુકાશે; ચાર્જીંગ સ્ટેશન ગાંધીનગર ડેપોમાં બનશે; પાવર કોર્પોરેશન અને એસટીનું સંયુક્ત સાહસ વાહન-વ્યવહારથી થતા પ્રદૂષણને નાથશે : રૂપાણી**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસો દોડાવવામાં આવશે. આ પાયલોટ પ્રોજેક્ટ માટે પ્રથમ



છ બસો દોડાવવામાં આવશે.

રાજ્યના વાહન-વ્યવહાર મંત્રી શ્રી વિજય રૂપાણીએ આજે દિલ્હીમાં ટ્રાન્સપોર્ટ મિનિસ્ટરોની કોન્ફરન્સમાં આ વાતનો સંકેત આપી તેમના પ્રવચનમાં વેટ ઘટાડવા તેમજ આયાતદર ઓછા કરવાની વાત કહી હતી. પબ્લીક ટ્રાન્સપોર્ટને પ્રદૂષણ મુક્ત બનાવવાની પહેલના ભાગરૂપે આ પાયલોટ પ્રોજેક્ટ ઈલેક્ટ્રીક બસનો અમદાવાદ-ગાંધીનગર વચ્ચે હાથ ધરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત પાવર કોર્પોરેશન અને ગુજરાત માર્ગ-વાહન વ્યવહાર નિગમ સાથે મળી આ પ્રોજેક્ટમાં આગળ વધી રહ્યાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે આ ઈલેક્ટ્રીક બસોનું ચાર્જીંગ સ્ટેશન સોલાર સંચાલિત હશે અને તે સ્ટેશન ગાંધીનગર એસટી ડેપો ખાતે તૈયાર કરવામાં આવી રહેલ છે. ઈલેક્ટ્રીક વ્હીકલના ઉત્પાદન માટે ગુજરાત આવવા ઓટોમોબાઈલ્સના નિષ્ણાતોને આમંત્રણ પણ તેમણે આપ્યું હતુ.

# શહેરમાં પુનઃ પાણીની મીટર પ્રથા આવશે

**સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ૮ પ્રોજેક્ટોની સરકારમાં દરખાસ્ત : સોલાર રૂફ પાવર પ્રોજેક્ટ ઉપરાંત રિડેવલમેન્ટ ઓફ સેક્ટરોર્સ સહિતના ૮ પ્રોજેક્ટો પાછળ સરકારની છુપી ચાલનો વહેમ**

ગાંધીનગર, તા. ૯

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં પાણીના મીટરની પ્રથા લાગુ કરવામાં આવશે તેમજ પાણીનો પુરવઠો ૨૪X૭ આપવામાં આવશે.

૭૦થી ૮૦ના દાયકામાં લાગુ કરાયેલ પાણીના મીટરોની પ્રથા પુનઃ અમલી બનાવવા માટે મનપાના સત્તાવાળાઓએ મન બનાવી લીધુ છે. ત્રણ દાયકા બાદ પુનઃ આ પ્રથા લાવવામાં આવશે અને બીજી તરફ ગાંધીનગર શહેરમાં હાલ જે બે કલાક પાણી પુરવઠો આપવામાં આવે છે તેને બદલે ૨૪X૭ પુરવઠો આપવામાં આવશે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૮ પ્રોજેક્ટ અમલમાં મુકવાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે. જેમાં વાઈ-ફાઈ કનેક્ટીવીટીથી સજ્જ શહેર, સીસીસીટીવી સર્વેલન્સ પ્રોજેક્ટ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ પ્રોજેક્ટ, સોલાર રૂફ પ્રોજેક્ટ તેમજ સે. ૭ અને ૨૧નું રીડવેલવેન્ટ પ્રોજેક્ટ ઉપરાંત રેટ્રોફિટીંગ એરિયા અંતર્ગત ૧૬ સેક્ટરોમાં કામગીરી કરવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિએ આ સાત પ્રોજેક્ટને રાજ્ય સરકાર સમક્ષ મોકલી આપવાની મંજૂરી આજની બેઠકમાં આપી દીધી છે.

સોલાર રૂફ પ્રોજેક્ટ પણ સરકારી બિલ્ડીંગો સિવાય વાયેબલ બન્યો નથી તે પુનઃ કાર્યન્વિત કરવાની દિશામાં હવે મનપાના સત્તાહકો ઝંપલાવશે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે જી.યુ.ડી.સી. મારફતે સમગ્ર સંકલન કરવાનો પ્રસ્તાવ પણ સ્થાયી સમિતિએ મંજૂર કર્યો છે.

આખા રાજ્યમાં માથાદીઠ સૌથી વધુ પાણી પુરવઠો મેળવતા શહેરમાં પાણીનો વ્યય પણ સૌથી વધુ થાય છે તે નાથવા પાણીના મીટરો લાદવાની વિભાગની લાંબા સમયથી

● અનુસંધાન પાન-૭ પર

# સંજય જોશીના પોસ્ટરથી હોબાળો

**ચુંટણીના પરિણામ હતાશાજનક રહેતા પોસ્ટર લગાવાયા કેટલાક સ્થળોથી ભાજપે બોર્ડ ઉતારવાની સુચના આપી**

અમદાવાદ, તા.૯

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પરિણામોમાં




ભારતીય જનતા પાર્ટી માટે હતાશાજનક પરિણામ બાદ ભાજપના આંતરિક વર્તુળોમાં ભારે ઉચાટભર્યું વાતાવરણ સર્જાયું છે. ભાજપની હારના કારણોનો ધગધગતો અહેવાલ લઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે દિલ્હી ગયા હતા. ત્યારે ગઈ રાતથી અમદાવાદના પશ્ચિમ વિસ્તારોમાં ઠેર-ઠેર સંજય જોશી લાવો ભાજપ વિવિધ હોર્ડિંગ્સ લાગતા ભાજપની છાવણીમાં ભારે ખળભળાટ

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

